12 ઊમૂર ન્યૂઝલેટર

# સિલ્કે હયાત

ઊમૂર ખારીજિયા

અંક 3 | રજબ ઉલ અસબ 1442 | ગુજરાતી



"સફેદ કબૂતર – ડવ ના સફેદ રંગ ને જોઈને અમનો અમાન અને ભાઈચારાનો અહેસાસ થાય છે. સામાન્ય રીતે ડવ ઈન્સાનિયત અને મોહબત્તના પ્રતિક માટે ઈસ્તેમાલ કરવામાં આવે છે. અને ધરેક ધર્મ ને સંસ્કૃતિ આ સંદેશ મા શામીલ છે. આ રંગચીત્ર મા માનવ ની વસતી અને કબૂતર બતાવવા મા આવ્યા છે. તે એમ દર્શાવે છે કે માનવ જાતી ને અમાન કાયમ રાખવો જોવે.
અને એમ બતાવે છે કે મુમેનીન તમામ આલમના ઈબાદુલ્લાહ સાથે મળીને સમાનથી રહે. જે ઉમુર ખારીજીયાનુ મુખ્ય કાર્ય છે."

## پرچم امن و اماں کی شان ہے حب الوطن

પોતાના વતનની મોહબ્બત (હુબ્બુલ વતન) એજ અમનો અમાન પરચમની શાન છે.

# તવાઝૂન અને તવાફૂક- દુનિયાની ફીતરતી ખૂબી


## મુ. મુરતઝા શેખ શબ્બીરભાઈ ખેરાલુવાલાના કલમથી


વરસાદની મૌસમમાં અને ખુશનુમા વાતાવરણમાં હું મારા ઘરણાં આંગણમાં ઉભો હતો. ધમતરીના શાંત અને સુકુનના વાતાવરણમાં વરસાદનો અવાજ કાનોમાં એકદમ મીઠો લાગતો હતો. એટલી વારમાં મારી નઝર ખુબસુરત મેઘધનુષ પર પડી. અને એના અલગ-અલગ રંગો જોઈને કુદરતની તાકાત અને ખુદાની કરામતને જોઈને મારા દિલપર ઘણો અસર થયો. મે એમ વિચાર કર્યો કે આવી રીતે એક સુંદર દૃશ્ય બને તે માટે ખુદાની કુદરત યે કેટલાય તાળમેળથી આ દૃશ્યનું સર્જન કર્યું છે. વરસાદ, સાફ આકાશ, સુરજની કિરણ આ બધી વસ્તુઓ મળીને એક મેઘધનુષ તૈયાર કીધું છે.

આ જોઈને હું એમ વિચાર કરૂ છું કે ખુદાતઆલાની કુદરતમાં દરેક વસ્તુ કેટલી ખુબીથી પોતાની જવાબદારી લઈ ઉઠે છે. હવે જો આ બધી વસ્તુઓમાંથી કોઈપણ એક વસ્તુના કાર્યમાં ફરક પડતે તો હું આ મેઘધનુષનો સુંદર નજારો જોઈ ના શકત. અને આ વસ્તુમાંથી કોઈ એક પણ તેનું કાર્ય કરવાનૂજ મુકી દે તો તમામ ખિલ્કતને નુકસાન થઈ જાય છે.

**તાળમેળ અને સંમતિથી વિકાસ થાય છે જો તે ન હોય તો નુકસાન થઈ જાય.**

મેં આ ઘટના પર વધારે વિચાર કર્યો તો એમ સમજાયું કે સમનવય અને તાળમેળ એવું પરિણામ છે કે જેના ઉપર આખી દુનિયાનો પાયો છે. આસમાનથી જમીન સુધી અને ઝાડપાન, નહેરોથી પશુપકષી સુધી દરેક વસતુ અને બાબતમાં તાળમેળ અને સમનવય દેખાય છે. દા.ત. આસમાનમાં તારાઓ અને ગ હોના ભ મણમાં અજબ તાળમેળ છે. જેને આસમાનનું સંગીત (Music) કહેવામાં આવે છે. આ આસમાનનું તાળમેળ અને સમનવય એટલું સંપૂણ  છે કે આ ગિતિવધીથી વર્ષો બાદની ભિવ  યવાણી કરીને ચોક્કસ સથાન કહી શકાય છે.

આસમાનના આ ઉદાહરણ પરથી જમીન ઉપર પણ એજ રીતે દરેક બાબતોમાં તાળમેળ જોવા મળે છે  જેમકે કીડી સેંકડોની ગણતરીમાં એક સાથે કામ કરે છે જેથી તેનો ખોરાક જમા કરે છે. મધમાખી એક સાથે મળીને પોતાના દરને તૈયાર કરે છે. એજ પ માણે માનવના શરીરના દરેક અંગોમાં તાળમેળનો ગુણ મૂકવામાં આવયો છે. દિલ, દિમાગ જેવા મુખય અંગોથી લગાવીને નાનામાં નાના અંગોમાં તાળમેળ હોય છે. તેના લીધે માનવ શરીરની તંદુરસતી રહે છે. જાણેકે ખુદા તઆલાયે તાળમેળ, સમનવય અને એકતા દરેક વસતુની ફીતરત માજ ઉતારી છે.




**'તમે બીજા માટે એ ચીઝને પસંદ કરો કે જે તમે તમારા પોતાના માટે પસંદ કરો' આ હદીસ શરીફા પ્રમાણે અમલ**
**Photo: The Dawoodi Bohras**

# તમામ મુસલેમીન અને ઈબાદુલલાહ સાથે હળીમળીને રહો

આ સમન્વયની ખુબી એ છે કે તેઓ ફકત એક જુથમાં- એટલે કે માનવીઓના દરમ્યાન યા જાનવરોના દરમ્યાન એટલું જ નથી પરંતુ અલગ અલગ જુથો મળીને તાળમેળ પેદા કરે છે. જે પર્માણે સંગીતમાં દરેક નોટ (Note) નો અવાજ અલગ અલગ હોય છે. મોટો હોય નાનો હોય ઊંચો હોય કે નીચો હોય- આ સઘલુ મળીને એક મીઠો સૂર બની જાય છે. દુનિયાની દરેક જીવંત વસ્તુઓના જુથોના સંપૂર્ણ તાળમેળથી મળે છે અને એકદમ ખુબીદાર પરિણામો મળે છે.

રસૂલુલ્લાહ (સઅવ)ની શરિયતમાં પણ આ વાત જોવા મળે છે. જેમ કે કારબતુલ્લાહ મા દરેક દેશથી આવનાર મરદો બૈરો બચ્ચાઓ એક થઈને બૈતુલ્લાહને તવાફ દઈ છે. તેજ પમાણેર્ ઈમામતથી નમાઝ થાય તેમાં એક સાથે રૂકુઓ સુજુદ દેવામાં આવે છે તો કેવો નિરાલો તાલમેલ નઝર આવે છે. સૈયદના તાહેર સૈફુદ્દીન (રી.અ.) નસિહત આપતા ફરમાવે છે કે એક બગીચાની ખુબી તેમા રહેતા અલગ-અલગ ફળ-ફુલોને લીધે હોય છે. પાણીની નહેર જાય, ભરેલા ઝાડો અને ફળદ્રુપ જમીન દેખાઈ આવે છે. આપ યે આ પમાણેર્ બયાન કરીને એમ શિખાયું કે અલગ-અલગ પ્રકારના કોમ અને ધર્મ હોય, પણ આપસમાં સંપથી રહે તો ખુબી ઉભરી આવે છે. ખુદાની કુદરતમાં મળી સમજીને તાળમેળથી રહેવાનો ગુણ મુકવામાં આવ્યો છે. પણ એ બાબત પર હંમેશા રહેવું મુશ્કીલ કામ છે. રસૂલુલ્લાહ (સ.અ.) યે એક એવી હદીસ શરીફ ફરમાવી કે જે સાથે હળીમળીને રહેવા વાળા લોકો છે તેના માટે સહેલ રસ્તો બતાવે છે. આપ ફરમાવે છે કે તમે તમારા મુમીન ભાઈ માટે એવી વસ્તુ પસંદ કરો કે જે તમે તમારી પોતાની જાન માટે પસંદ કરો. તમે તમામ ઈબામુલ્લાહ વાસ્તે એસું પસંદ કરો કલ લ્તમે તમારા પન માટલ પસંદ કરો.

તમે ખુદાની તમામ કુદરત માટે એવું પસંદ કરો કે જે તમે તમારા જાન માટે પસંદ કરો.

આ હ દિસ શરીફાથી રસુલુલલાહ (સ.અ.વ.) યે મતભેદોના પાયાને દુર કરી દીધું. જો સઘલા બીજા માટે વિચારતા થઈ જાય તો હંમેશાની તાળમેળ અને સંમ તિ થઈ જાય.

આપણા અવલીયાઉલલાહ યે પોતાના સર્વોત્તમ ચ રિત થી આ સીરત અપને શીખાવી છે. અને આને કઈ રીતે જિંદગીનો હિસસો બનાવવું જોઈએ એ સપ ટ પણે સમજાવયું છે. અમીરૂલ મુમેનીન (અ.સ.) ગુલામ સાથે બજારમાં પધારા અને 2 કમીસ(કૂરતા) ખરીદા. તેમાથી ગુલામને પોતાની પસંદનું કમીસ લેવાં ફરમાવયું અને બીજું પોતાના માટે રાખયું.

આ શિખામણ મૌલાનલ મીન્આમ (ત.ઊ.શ) ફરમાવતા રહે છે. આપયે એમ શિખાયું છે કે અપને સાફ અને ચોખ્ખો વેપાર કરીએ કે જેમાં દગો ના હોય. આપયે શિખાયું છે કે કોઈ પણ ઈબાદુલ્લાહને અપશબ્દો ના કહીએ, આપયે શિખાયું છે કે જે વતનમાં રહીએ તેના વફાદાર બનીને રહીએ આપયે શિખાયું છે કે દરેક જગ્યાએ અમનો-અમાન કાયમ રાખીએ.

આ સર્વે શિખામણોથી એક હકીમની વાત યાદ આવે છે કે હજારો મીલ ની સફર એક કદમથી શરૂ થાય છે ચાલો, એ કદમ આપણે ઉઠાવીએ, દુનિયામાં સંમતિ અને તાળમેળ સ્થાપીએ અને મૌલા (ત.ઉ.શ.) યે ‘ઉમુર ખારીજીયા’ ના શિર્ષક હેઠળ ફરમાયું કે તમામ મુસ્લેમીન અને ઈબાદુલ્લાહ સાથે હળીમળીને રહો આ કૌલને અમલમાં ઢાળી દઈએ.

**તમે તમારા મુમીન ભાઈ માટે એવી ચીઝ પસંદ કરો કે જે તમે તમારા જાન માટે પસંદ કરો ‘તમે તમામ ઈબાદુલ્લાહ વાસ્તે એવી ચીઝ પસંદ કરો કે જ તમે તમારા જાન માટે પસંદ કરો, તમે ખુદાની તમામ કુદરત માટે એવી ચીઝ પસંદ કરો કે જે તમે તમારા જાન માટે પસંદ કરો.**

PROJECT RISE
A DAWOODI BOHRA INITIATIVE

## પર્યાવરણ સંબંધી

બુરહાની ફાઉન્ડેશન વર્ષોથી વૃક્ષારોપણના કાર્યક્રમો કરે છે તેજ પ્રમાણે Wildlife સંરક્ષણ માટે પણ કોશિશ કરે છે. યુનાઇટેડ નેશનની જે "Turning The Tide" ના જે કાર્યક્રમો છે તેમાં પ્લાસ્ટીક પ્રદૂષણ માટે પણ ઘણી કોશિશ કરવામાં આવે છે.

## ખોરાક સંબંધી

ફૈઝુલ મવાઇદીલ બુરહાનીયાહની બરકતથી ઈબાદુલ્લાહ માટે જુદા જુદા "Food Drives" કરવામાં આવે છે તેમાં સુવાવડવાળા બૈરો માટે ખોરાકનું ધ્યાન રાખતા હુવા ખાસ જમણ મોકલવામાં આવે છે. તે ઉપરાંત બાળકો માટે ખોરાક સંબંધી તાલીમના પ્રોગ્રામો કરવામાં આવે છે.

## તંદુરસ્તી સંબંધી

તંદુરસ્તી બાબતે નાના મોટા ગામોમાં સમયાંતરે Health Camp લગાવવામાં આવે છે. કે જેમાં મુમેનીનમાંથી સ્પેશ્યાલસ્ટિ ડોકટર્સ અને મેડીકલ પ્રેક્ટશિનર્સને બોલાવવામાં આવે છે. આ Camp માં ઈબાદુલ્લાહને ફ્રી ઈલાજ અને ચેકઅપ કરી આપવામાં આવે છે.

## WATER અને SANITATION ના સંબંધી

પાણી પ્રદૂષણ માટે "Turning the Tide" ના ઝરીયાથી પહેલ જારી છે. તેમજ વરસાદની કમીના લીધે જે તકલીફ થાય છે તેનાથી કેમ બચી શકાય તે માટેના કામો થાય છે. સ્વચ્છતાલક્ષી આદતો કેવી રીતે બરાબર લઈ ઉઠવુ એ બાબતે "Awareness Camp" કરવામાં આવે છે.

Project Rise દાઉદી વ્હોરા કોમની એક પહેલ-શક્તિ છે કે જેના ઝરીયાથી મુમેમીન દુન્યાવી રીતે જાત જાતની પહેલ કરી રહ્યા છે. જ્યાં પણ મુમેનીન વસે છે ત્યાં Project Rise ના હેઠળ તંદુરસ્તી, ખોરાક, શિક્ષણ, ચોખ્ખાઇ-સફાઇ, પર્યાવરણ સંબંધી કામો અંજામ દેવામાં આવે છે. જેમાં તમામ ઈબાદુલ્લાહને ફાયદો થાય છે.

# તસવીર ની તસવ્વુર




એક તસવીર હજાર શબ્દો કરતા અસરદાર છે. આ તસ્વીરમાં આપને શું નજર આવે છે? આ તસવીર સંબંધી આપના વિચારો અને ખ્યાલોને અરઝ કરી શકો છો. નાયબ જવાબોને Insta-gram Account પર મુકવામાં આવશે. Link: https://tasweer.paperform.co

## શું તમે જાણો છો?

49 માં દાઈ સૈયદના મોહંમદ બુરહાનુદ્દીન (રી.અ.) યે 1317 હિ.માં ભોપાલમાં અશરા મુબારકા અકદ ફરમાયા. તે વખત અદ્દદાઈઅલ અજલ સૈયદના તાહેર સૈફુદ્દીન (રી.અ.)ની ઉમર શરીફ 12 વર્ષની હતી. અદ્દદાઈ અબઅજલ સૈયદના મોહંમદ બુરહાનુદ્દીન (રી.અ.)યે આપને આ નાની ઉંમરમાં ભોપાલના અમીરા શાહ જહાં બેગમ સાથે મુલાકાત માટે મોકલા. અદદાઈ અલઅજલ સૈયદના તાહેર સૈફુદ્દીન (રી.અ.) આપના બાવાજી સાહેબનું પ્રતિનિધત્વ કરતા હુવા ભોપાલના અમીરાથી મળવા પધારા. શાહજહા બેગમ યે આપ સાથે વાતો કીધી અને આપના બહેતર કલામ અને જવાબ સાંભળીને મંજુરી કીધી.

## મુમેનીનની તસવ્વુરાત

દાઉદી વ્હોરા હોવું એ મારા માટે એક અઝીમ ફખર અને ઈઝ્ઝતનું સબબ છે. મોલાના (ત.ઉ.શ.)ના લીધે અપની એક અલગ ઓળખ સ્થાપાઈ ગઈ છે. ઈબાદુલ્લાહ મુમેનીનને વેપારી કોમથી ઓળખે છે. અને ભરોસો રાખીને વેપાર કરે છે. આજે તમામ ઈબાદુલ્લાહમાં આપણે ‘સૈયદના ના માનનારાઓ’ થી મશહુર છે. તેના લીધે અપના ઘણા કામો આસાન થઈ જાય છે. અપનું ફરજ બને છે કે આ ઓળખને આપણે સાચવીને રાખીએ તાકે આપણી ઈજ્જત હજી વધારે થતી રહે.

હાતીમ શેખ મોહસીનભાઈ કાંચવાલા -

(ચંદ્રપુર)

Covid ની વબાના દિવસોમાં મુમેનીન તમામ ઈબાદુલ્લાહમાં જમણ વહેંચણી કરતાં હતા. તેમાં આગળ પડતાં કાર્યકર્તાઓ જેમકે ડોક્ટર, પોલીસ તે સર્વેને પણ Food Packets આપવામાં આવતા હતા. એકવાર કોઈએ આપના જમણ માટે ના કહ્યું તો તેના સાથીએ કહ્યું કે આ લોકોનું જમણ ઘરના જમણ જેવું જ છે. લઈ લો! આ સાંભળીને દિલમાં એમ વિચાર આવ્યો કે ઈબાદુલ્લાહમાં અપના અમલનો કેટલો અસર છે અને અપના માટે કેટલી ઈઝ્ઝત છે.

અદનાનભાઈ કપાસી, મુંબઈ

# આલમે ઈમાનથી ઉમુર ખારીજીયાતની ઝલક

## આમચી મુંબઈ રેલી

મરોલમાં આમચી મુંબઈ રેલી રાખવામાં આવી હતી. જેમાં મુમેનીન મરદો, બૈરો અને બચ્ચાઓમાંથી અને એજ પ્રમાણે ઈબાદુલ્લાહમાંથી અને BMC માંથી મળીને કુલ 35 ટીમે ભાગ લીધો. રેલીમાં પ્લાસ્ટિક રી-સાયકલીંગ અને રી-યુઝ બાબતે જાગૃતકિરવામાં આવી. BMC ના સભ્યો અને મુંબઈ સાઈકલીંગ મેયર આ પ્રોગ્રામને મંજુરી આપી તેમજ ઘણી સરાહના કીધી. ઉમુર સેહત અને ઉમુર ખારીજીયામાં સભ્યોથી ઘણા જોશથી ખિદમતને અંજામ અપાયો. એ જ પ્રમાણે ઉમૂર ખારીજીયા મજબૂત હોવાને લીધે અલ જામેઆ તુસ સૈફિયાહના ઈમ્તેહાનની તૈયારીઓમાં Covid-19 Test કરવામાં BMC ની ઘણી મદદ મળી અને 150 ફ્રી ટેસ્ટ કરી આપ્યા.




મરોલ




કેલગરી

## કેનડા ડે

દર વર્ષે પેહલી જુલાઈ Canada day મનાવવામાં આવે છે. Covid-19 ને લીધે આ વર્ષે Canada day એક અલગ અંદાઝમાં મનાવવામાં આવ્યો. Canada માં સાત જમાઅતયે મળીને Online પ્રોગ્રામ કીધો. જેમાં ધ્વજવંદન કરવામાં આવ્યું. સાત જમાતના મુમેનીન એક સાથે ધ્વજવંદનમાં શામિલ થયા અને 'હુબ્બુલ વતન'નો ઈઝહાર કીધો. Calgary માં સરકારી હોદ્દેદારો અને બીજા પ્રસિદ્ધ લોકોને આમંત્રણ આપવામાં આવ્યું. બધા લોકોએ આપના દરમિયાન આવીને આપણી તેહઝીબ-સંસ્કૃતિજોઈને ઘણા ખુશ થયા.

## النظافة من الايمان

દુબઈના મુમેનીન છેલ્લા 13 વર્ષથી "Clean up the world" ના અભિયાનમાં શામીલ થઈ રહ્યા છે. મુમેનીન અને ફરઝંદો દરિયા કિનારે જઈને સફાઈનું અમલ કરે છે.




દુબઈ

# આલમે ઈમાનથી ઉમુર ખારીજીયાતની ઝલક

ટાંગા



## ટાંગા માં પાણીની તલાશ

નૈરોબીના અલજામેઅતુસ સૈફીયાહના ફરઝંદોએ (માઅઝુર) શારીરિક અપંગની સ્કૂલની મુલાકાત લીધી. તે દરમ્યાન જોયું કે સ્કુલમાં પાણીની ઘણી તકલીફ છે. સ્કૂલના સંચાલકોએ 6 વકતે બોરવેલ બનાવવાની કોશિષ કીધી પણ પાણી ના નિકળ્યું. ટાંગાના મુમેનીનને આ બાબતની ખબર પડી. તો સઘલાએ કોશિશ કીધી અને બોરવેલ (બોરિંગ) ખોદવું શરૂ કીધું અને 110 મીટર બાદ પાણી દેખાયું તે સ્કૂલના 1000 ફરઝંદો, સ્ટાફ ના 5 ઘરો અને આસપાસની 50 ફેમિલી આ પાણીથી ફાયદો લઈ રહી છે.

## Frontline Workers નું ઈકરામ

સૈયદના મોહંમદ બુરહનુદ્દીન (રી.અ) ના મિલાદ મુબારકના પ્રસંગ ઉપર તલોદામાં સ્થાનિક સરકારી અને સામાજીક સંસ્થાઓ અને કાર્યકર્તાઓ અને રાજકારણીઓ એ પ્રમાણે જુદા-જુદા મોટા લોકોને સન્માન માટે ઈવાને હકીમી માં બોલાવામાં આવ્યા. પ્રોગ્રામમાં તે સર્વેને covid19 માં મદદરૂપ અને કોશીશો કીધી તે માટે સન્માનિત કરવામાં આવ્યા. અને તેમાં ધાર્મિક ભાઈચારાની બાબતે વ્યાખ્યાન થયા.



તલોદા

સિકન્દરાબાદ



## તાલીમ માટે કોશશિ

સીકન્દરાબાદ માં સરકારી સ્કૂલમાં કુલ 255 વિદ્યાર્થીઓ ભણે છે. ઉમુર ખારીજીયાના મેમ્બરોએ સ્કુલની મુલાકાત લીધી અને સઘલાને આદર્શ નાગરિક બનીને કઈ રીતે રહેવું જોઈએ. તે વિષેની સમજૂતિ આપી. અને જીવનમાં આગળ વધવા માટે ઉત્સાહીત કિધા અને એજ પ્રમાણે મુમેનીનના બારામાં અને અપની સંસ્કૃતિના વિષે ચર્ચા કીદી. સ્કૂલના તમામ ફરઝંદોને Notebook વિતરણ કરવામાં આવી.

خارجية امور جماعة المؤمنين

PUBLIC RELATIONS

سلك حيوة

SILK-E-HAYAAT